# લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ દાંતા તાલુકા

| અ. નં. | તારીખ | ફરીયાદીનું નામ-સરનામું પેટા વિભાગની વિગત | ગામ | તાલુકો | ફરીયાદની વિગત | વિભાગીય કચેરી /પેટા વિભાગીય કચેરી | ફરીયાદના નિવારણ માટે જવાબદાર અધિકારીઓના નામ નંબર | ફરિયાદનો વિગતવાર પ્રત્યુત્તર | નિરાકરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬.૦૪.૨૦૧૬ | જોષી તુલસીભાઈ જગન્નાથભાઈ, રહે:કુંભારિયા | કુંભારિયા મુકામ: કુંભારિયા | દાંતા | ખેતી વિષયક વીજ જોડાણ મળવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : અંબાજી. | શ્રી હિરવાણીયા મુકેશકુમાર ખેમચંદભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી અંબાજી મો. નં. ૯૯૨૫૨૧૨૧૪૪ | ૬૬ કેવી અંબાજી સબ-સ્ટેશન માં કોઈપણ ૧૧ કેવી ખેતીવાડી ફિડર ના હોવાથી શ્રી જોશી તુલસીભાઈ જે. રહે. કુંભારીયાની સદર અરજી પડતર રાખવામાં આવેલ ત્યારબાદ નવીન ખેતી વિષયક વીજ ફિડરની મંજુરી મેળવ્યા બાદ, રૂ. ૧૩,૮૦,૩૬૮/- નો ખર્ચ કરી જરૂરી લાઇન ઇરેકશનની કામગીરી પૂર્ણ કર્યા બાદ શ્રી જોશી તુલસીભાઈ જે. રહે. કુંભારીયાને નવીન ખેતીવાડી વિજજોડાણ આપી તેમના પ્રશ્ન નો નિકાલ કરેલ છે. તથા ભવિષ્યમાં આ ૧૧ કેવી ખેતીવાડી ફિડર માથી બીજાપણ વીજ જોડાણો આપી શકાય તે માટે રૂ. ૭૪,૮૬,૬૬૪/- ની મંજુરી મેળવી નવીન વિજલાઇન નાખવાનું કામ પ્રગતી હેઠળ છે. | હકારાત્મક નિકાલ |
| ૨ | ૧૮.૦૪.૨૦૧૬ | સોલંકી શંકાભાઈ ફતાભાઇ રહે:રાણપુર | રાણપુર મુકામ: રાણપુર | દાંતા | ઘરવપરાશના સોલાર લાઇટ મેળવવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : અંબાજી. | શ્રી હિરવાણીયા મુકેશકુમાર ખેમચંદભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી અંબાજી મો. નં. ૯૯૨૫૨૧૨૧૪૪ | સોલર હોમલાઈટ યોજના હેઠળ ૨૫ જૂન ૨૦૧૫ થી ૩૧ જુલાઈ ૨૦૧૫માં અરજદારો જોડે થી જરૂરી અરજીઓ મંગાવી નોધણી ફી ભરાવેલ. રાણપુર ગામમાં કુલ ૩૫૪ અરજીઓ નોધણી થયેલ હતી તે પૈકી ૩૪૨ અરજદારોને સોલર હોમલાઇટ સિસ્ટમ ફિટ કરી માહે માર્ચ -૨૦૧૬માં ઘર વપરાશના વિજજોડાણ ચાલુ કરી આપવામાં આવેલ છે, જેમાં સદર અરજદાર શ્રી સોલંકી શંકાભાઈ ફતાભાઇ રહે:રાણપુર નો સમાવેશ કરવામાં આવેલ છે. બાકી રહેતા ૯ અરજદારોના મોજણી સમયે ઘરો ના હોવાથી તેમની અરજીઓ રદ્દ કરવામાં આવેલ છે તથા બાકી રહેતી ત્રણ અરજીઓના અરજદારો દ્વારા જરૂરી કરારનામું કરવાની ના પાડતાં તેઓ ની અરજી રદ્દ કરવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૩ | ૧૮.૦૪.૨૦૧૬ | શ્રી પરમાર ઉમાભાઈ પરથાભાઈ રહે:જરીવાવ | જરીવાવ મુકામ: જરીવાવ | દાંતા | ઘરવપરાશના વીજ જોડાણ મેળવવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : અંબાજી. | શ્રી હિરવાણીયા મુકેશકુમાર ખેમચંદભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી અંબાજી મો. નં. ૯૯૨૫૨૧૨૧૪૪ | ગામ: જરીવાવ ના ભમરિયા પીપળાફળી વિસ્તારના કુલ ૧૭ અરજદારો દ્વારા કુટિરજ્યોતિ યોજના હેઠળ વીજજોડાણ લેવા માટે તાલુકા વિકાસ અધિકારી શ્રી, દાંતા દ્વારા ભલામણ પત્ર મળેલ હોઇ જરૂરી મંજૂરી મેળવી ૨ કિલોમીટર સિંગલ ફેજ બે વાયર લાઇન નાખી તેઓ નું કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને તમામ ૧૭ અરજદારો ને ઘરવપરાશના વિજજોડાણ આપી દીધેલ છે જેમાં સદર અરજદાર શ્રી પરમાર ઉમાભાઈ પરથાભાઈ રહે:જરીવાવ નો સમાવેશ થયેલ છે. | હકારાત્મક નિકાલ |

| લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ દાંતા તાલુકા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૭.૦૪.૨૦૧૬ | શ્રી બુબડીયા કાંતિભાઈ બી.સરપંચ શ્રી ગ્રામ પંચાયત કુંવારસીમો:- ૮૩૪૭૮૮૦૦૭૨ | કુંવારસી મુકામ: કુંવારસી | દાંતા | ૧૧ કે.વી કુંવારસી ખેતીવાડી ફીડરના લો વોલ્ટેજનો ફરિયાદ દૂર બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી દાંતા. | શ્રી ચૌધરી સુરેશભાઇ દલજીભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી દાંતા મો. નં. ૯૯૨૫૨૧૨૧૨૭ | શ્રી બુબડીયા કાંતિભાઈ બી.,સરપંચ શ્રી ગ્રામ પંચાયત કુંવારસીની અરજીમાં જણાવ્યા અનુસાર દાંતા થી હડાદ રોડ ઉપરના કણબીયાવાસ થી શરૂ કરીને છોટાબામોદરા સુધીના ૨૧ જેટલા ગામોને ૬૬ કે.વી. દાંતા સબ સ્ટેશન માથી નીકળતા એક જ ૧૧ કે.વી કુંવારસી ખેતીવાડી ફીડર થી ખેતીવિષયક હેતુ માટે વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ફીડરનો મહતમ લોડ ૧૭૭ એમ્પીયર છે. આ ફીડરની કુલ લંબાઈ ૧૪૧ કી.મી. જેટલી છે. સીજનમાં છેલ્લા ખેતીવાડી ગ્રાહકને ત્યાં થ્રી ફેજ પાવરમાં ૩૫૦ વોલ્ટેજ દિવસ દરમ્યાન માલૂમ પડેલ છે. આમ,આ ફીડરના વિભાજનની જરૂર છે. પરંતુ આ ફીડરનું વિભાજન ૬૬ કે.વી. દાંતા સબ સ્ટેશન માથી શક્ય ન હોઈ  નવીન ૬૬ કે.વી. સબ સ્ટેશન બનાવવા માટે અમારી માગણી મુજબ તેઓએ બોરડીયાલા મુકામે સર્વે નંબર: ૧૧ ની જમીન ફાળવેલ છે. જે નવીન સબ સ્ટેશનની દરખાસ્ત જેટકો કંપની દ્વારા ઉપલી કચેરીએ મોકલવામાં આવેલ છે. જે મંજૂરી મળેથી નવીન સબ સ્ટેશનનું કામ તાત્કાલિક ધોરણે પૂરું કરવામાં આવશે અને ખેડૂતોની લો-વોલ્ટેજ ની ફરિયાદ નો પણ નિકાલ કરવામાં આવશે.આ નવીન સબ સ્ટેસન જેટકો ઓફિસના પત્ર નં:સીઇ(પ્રોજેકટ)/ઈઈ/III/એસએસ/૧૫-૧૬/૯૭૪ તા.૧-૫-૨૦૧૫ થી મંજૂર કરવામાં આવેલ છે. સબ સ્ટેશન બનાવવાની જરૂરી કામગીરી જેટકો ઓફિસ દ્વારા કરવામાં આવશે. | હકારાત્મક |
| ૫ | ૧૭.૦૪.૨૦૧૬ | શ્રી પરમાર ચેહરાજી અજુજી સરપંચ શ્રી ગ્રામ પંચાયત સોલસંડા મો:- ૮૭૫૮૦૯૧૦૦૪ | સોલસંડા મુકામ:સોલસંડા | દાંતા | લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં રજુઆત કરવા બાબત ૧૧ કે.વી જોરાપુરા ખેતીવાડી ફીડરના લો વોલ્ટેજનો ફરિયાદ દૂર કરવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : દાંતા | શ્રી ચૌધરી સુરેશભાઇ દલજીભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી દાંતા મો. નં. ૯૯૨૫૨૧૨૧૨૭ | શ્રી પરમાર ચેહરાજી અજુજી સરપંચ શ્રી ગ્રામ પંચાયત સોલસંડા મો:-૮૭૫૮૦૯૧૦૦૪ અરજીમાં જણાવ્યા અનુસાર સોલસંડા,નવાણિયા,સેકડા,જીતપુર,જોરાપુરા,ઘટોડી, વિજલાસણ વગેરે ગામોને ૬૬ કે.વી. ગોરાડ સબ સ્ટેશન માથી નીકળતા એક જ ૧૧ કે.વી જોરાપુરા ખેતીવાડી ફીડર થી ખેતીવિષયક હેતુ માટે વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ફીડરનો મહતમ લોડ ૨૦૪ એમ્પીયર છે. આ ફીડરની કુલ લંબાઈ ૧૩૧ કી.મી. જેટલી છે. સીજનમાં છેલ્લા ખેતીવાડી ગ્રાહકને ત્યાં થ્રી ફેજ પાવરમાં ૩૪૦ વોલ્ટેજ દિવસ દરમ્યાન માલૂમ પડેલ છે. આમ,આ ફીડરના વિભાજનની જરૂર છે. પરંતુ આ ફીડરનું વિભાજન ૬૬ કે.વી. ગોરાડ સબ સ્ટેશન માથી શક્ય ન હોઈ  નવીન ૬૬ કે.વી.  સબ સ્ટેશન બનાવવા માટે અમારી માગણી મુજબ તેઓએ સોલસંડા મુકામે સર્વે નંબર: ૭૫ પૈકી ૧ ની જમીન ફાળવેલ છે. જે નવીન સબ સ્ટેશનની દરખાસ્ત જેટકો કંપની દ્વારા ઉપલી કચેરીએ મોકલવામાં આવેલ છે. જે મંજૂરી મળેથી નવીન સબ સ્ટેશનનું કામ તાત્કાલિક ધોરણે પૂરું કરવામાં આવશે અને ખેડૂતોની લો-વોલ્ટેજ ની ફરિયાદ નો પણ નિકાલ કરવામાં આવશે.આ નવીન સબ સ્ટેસન જેટકો ઓફિસના પત્ર નં:સીઇ(પ્રોજેકટ)/ઈઈ/III/એસએસ/૧૫-૧૬/૯૭૪ તા.૧-૫-૨૦૧૫ થી મંજૂર કરવામાં આવેલ છે અને સબસ્ટેશન બનાવવાની જરૂરી કામગીરી જેટકો ઓફિસ દ્વારા કરવામાં આવશે. | હકારાત્મક |

# લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ દાંતા તાલુકા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧૮.૦૪.૨૦૧૬ | શ્રી આર.એસ.દિયોલ સરપંચ શ્રી ગ્રામ પંચાયત મોટાસડા | મોટાસડા મુકામ:મોટાસડા | દાંતા | લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં રજુઆત કરવા બાબત ૧૧ કે.વી મોટાસડા ખેતીવાડી ફીડરના લો વોલ્ટેજનો ફરિયાદ દૂર કરવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી દાંતા. | શ્રી ચૌધરી સુરેશભાઇ દલજીભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી દાંતા મો. નં. ૯૯૨૫૨૧૨૧૨૭ | શ્રી આર.એસ.દિયોલ સરપંચ શ્રી ગ્રામ પંચાયત મોટાસડાની અરજીમાં જણાવ્યા અનુસાર મોટાસડા,કરણપુર,હરિગઢ,મહોબતગઢ વગેરે ગ્રામોને ૬૬ કેવી દાંતા સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કેવી મોટાસડા,પેથાપુર અને પુંજપુર ખેતીવાડી ફીડરોથી ખેતી વિષયક હેતુ માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ફીડરોનો મહતમ લોડ અનુક્રમે ૧૫૧,૧૮૬ તથા ૧૫૧ એમ્પીયર છે.સીજનમાં છેલ્લા ખેતીવાડી ગ્રાહકને ત્યાં થી ફેઇજ પાવરમાં ૩૭૦ વોલ્ટેજ દિવસ દરમિયાન દરેક ફીડરમાં માલૂમ પડેલ છે. આમ,આ ફીડરના વિભાજનની જરૂર છે. પરંતુ આ ફીડરોનું વિભાજન ૬૬ કે.વી. દાંતા સબ સ્ટેશન માથી શક્ય ન હોઈ  નવીન ૬૬ કે.વી.  સબ સ્ટેશન બનાવવા માટે અમારી માગણી મુજબ તેઓએ  મોટાસડા ગામે સર્વે નંબર: ૩૮૧ પૈકી ૩ પૈકી ૧ ની જમીન ફાળવેલ છે. જે નવીન સબ સ્ટેશનની દરખાસ્ત જેટકો કંપની દ્વારા ઉપલી કચેરીએ મોકલવામાં આવેલ છે. જે મંજુરી મળેથી નવીન સબ સ્ટેશનનું કામ તાત્કાલિક ધોરણે પૂરૂં કરવામાં આવશે અને ખેડૂતોની લો વોલ્ટેજ ની ફરિયાદનો પણ નિકાલ કરવામાં આવશે.આ નવીન સબ સ્ટેસન યુજીવીસીએલ ઓફિસના પત્ર નં:યુજીવીસીએલ/આરએંડસી/ટેક/ઈઈ૨/૬૪૫  તા.૧૫-૪-૨૦૧૫ થી મંજૂર કરવામાં આવેલ છે અને સબસ્ટેશન બનાવવાની જરૂરી કામગીરી જેટકો ઓફિસ દ્વારા કરવામાં આવશે. | હકારાત્મક |
| ૭ | ૧૮.૦૪.૨૦૧૬ | સરપંચ શ્રી ગ્રામ પંચાયત , વસી | વસી મુકામ:વસી | દાંતા | ઘરવપરાશના સોલાર લાઇટ મેળવવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી દાંતા. | શ્રી ચૌધરી સુરેશભાઇ દલજીભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી દાંતા મો. નં. ૯૯૨૫૨૧૨૧૨૭ | સરપંચ શ્રી વાસી ગ્રૂપ ગ્રામ પંચાયતની અરજીમાં જણાવ્યા અનુસાર વસી ગ્રૂપ ગ્રામ પંચાયત ના પીપળાવાળીવાવ ગામ ના ધૂણીયા ફળી પેટા પરૂ આવેલ છે.આ પેટાપરા નો વિસ્તાર ડુંગરની અંદર જંગલ માં આવેલ છે. આ વિસ્તારઆરક્ષિત જંગલ હેઠળ આવેલ હોવાથી આ  ઘરો નું વીજળીકરણ સરકારશ્રી ની વીજળીકરણની યોજનાઓ જેવી કે કુટીર જ્યોતિ અને ઝૂપડપટ્ટીમાં બાકી રહેલ. સોલર હોમ લાઇટ યોજના ૨૦૧૫ કે જે યોજના ગુજરાત સરકારએ ૧ જુલાઇ ૨૦૧૫ થી ૩૧ જુલાઇ ૨૦૧૫ સુધી હેઠળ અરજીઓ કરવા માટે જાહેરાત કરેલ.,જે યોજના હેઠળ આ  વિસ્તારમાં આવેલા ૬૧ ઘરોના વીજળીકરણ માટે અરજદારોએ અરજી કરેલ.જેમાંથી આ વિસ્તાર માં આવેલ ૫૯ ઘરો નું સોલર હોમ લાઇટ યોજના ૨૦૧૫ માં હેઠળ વીજળીકરણ કરવામાં આવેલ છે અને બે અરજદારોએ એગ્રિમેંટ ન કરેલ હોવાથી તેમની અરજી રદ કરવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૮ | ૧૯.૦૪.૨૦૧૬ | ચૌહાણ સરતાનજી ગલબાજી , રહેવાસી : સાંતપુર | સાંતપુર મુકામ: સાંતપુર | દાંતા | હડાદ ફીડર થી ખેડૂતો ને ૮ ( આઠ )  કલાક વીજળી ન મળવા તેમજ હડાદ ફીડર ના ખેડૂતો ને દિવસ અને રાત્રે કુવા ઉપર સીંગલ ફેજ વીજળી આપવા બાબત. | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : અંબાજી. | શ્રી હિરવાણીયા મુકેશકુમાર ખેમચંદભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી અંબાજી | ૬૬ કે.વી. માંકડચંપા સબ-સ્ટેશનમાથી નીકળતા ૧૧ કે.વી. હડાદ ફીડરમાથી હડાદ, શાંતપુર,સનાલી,રાણપુર,ગનાપીપળી,મહુડા,ધ્રાંગીવાસ,કેશરપુરા,બેગડિયાવાસ,બામણોજ,ખેરમાળ,ડેરીચારડા,ખંઢોંરઉંબરી વગેરે કુલ-૩૪ ગામોના કુલ-૫૮૬ ખેતવિષયક વીજજોડાણોને ખેતીવિષયક હેતુ માટે વિજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. ઉપરોક્ત હડાદ ફીડરને ૬૬ કે.વી માંકડચંપા સબ-સ્ટેશનમાથી  એમ-૧૧ ગ્રુપના શિડયુલ મુજબ ૮ ( આઠ ) કલાક થ્રી ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર ફીડર ઉપર છેલ્લા ૨૦ દિવસ માં થ્રી ફેજ વિજપુરવઠો પૂરો પાડયા અંગે ની માહિતી આ સાથે આપેલ છે. આ ફિડર ઉપર ત્રણ જ ઘર વપરાશના સિંગલ ફેજ (ફાર્મ હાઉસ) આવેલ છે. શરૂઆતમાં આ ફીડર ઉપર કોઈ સિંગલ ફેજ વીજ જોડાણ હયાત ન હતાં. હાલ માં આ ફિડર ઉપર ફક્ત ત્રણ જ  સિંગલ ફેજ વીજ જોડાણો છે. જે પૈકી બે વીજ જોડાણ છેલ્લા એક વર્ષ માં આપવામાં આવેલ છે. આમ આ ફિડર ઉપર સ્પેશિયલ ડીઝાઇન ટ્રાન્સફોરમર મૂકવાની અને ૨૪ ( ચોવીસ )  કલાક વીજ પુરવઠો આપવાની કોઈજ માગણી આજ દિન સુધી અત્રે ની કચેરીએ મળેલ નથી. તેમ છતાં હાલ ફરિયાદી શ્રી ની સદર માગણી ને ધ્યાન માં લઈ પાઇલોટ એડવાન્સ ટ્રાન્સફોરમર લગાવી સતત ૨૪ ( ચોવીસ ) કલાક વિજપુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા દિન-૨ માં પૂર્ણ કરવામાં આવશે. | હકારાત્મક |

| લોક સંવાદ સેતુ ફરિયાદ નિવારણ કાર્યક્રમ દાંતા તાલુકા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧૯.૦૪.૨૦૧૬ | રણજીતસિંહ એમ.ગઢવી રહેવાસી : પાણિયારી | પાણિયારી મુકામ : પાણિયારી | દાંતા | એક જ સર્વે નંબર માં સહ ભાગીદાર હોવા છતાં વીજ કનેક્શન મેળવી શકતા ન હોય દરેક ખેડૂત ને વીજ કનેક્શન મળી શકે તેવા બનાવવા બાબત | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી પાલનપુર-૨,પેટા વિભાગીય કચેરી : દાંતા ( બાંધકામ ) | શ્રી ચૌધરી સુરેશભાઇ દલજીભાઈ,નાયબ ઇજનેર.પેટા વિભાગીય કચેરી દાંતા | નાયબ ઇજનેર શ્રી,પેટા વિભાગીય કચેરી,દાંતા (બાંધકામ) દ્વારા નવીન ખેતીવાડી વીજ જોડાણ એસપીએ તથા ટીએએસપી યોજનાઓ હેઠળ ખેતીવિષયક હેતુ માટે આપવામાં આવે છે. જીયુવીનીએલ કચેરી,વડોદરાના પત્ર નં.:જીયુવીનીએલ/ટેક/૨૦૫૯ તા.૧૬-૮-૨૦૧૨ ના પરિપત્ર નંબરથી એક જ સર્વે નંબરમાં એક જ ખેતી વિષયક વીજ જોડાણ આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેમ છતાં પણ અરજદાર રેવન્યુ વિભાગમાં અલગ ખાતા નંબર પડાવી નવેસરથી અરજી કરે તો વિજજોડાણ આપવા માટેની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. | હકારાત્મક |